0/૧


GUJMIN INDUSTRY ASSOCIATION
ESTD. 1962

# GUJMIN INDUSTRY ASSOCIATION

2nd Floor, Marble & Mineral Chambers, B/h. D. K. House,
Mithakhali, Ahmedabad - 380 006. (Gujarat) • Tel.Fax : 079 - 26427047
E-mail: gujmin@gmail.com • Web : www.gujaratmineral.org


નં.ગુજમીન/ગૌણ ખનિજ/૨૦૨૪-૨૫/૪૧ તા. ૨૦-૦૬-૨૦૨૪

પ્રતિ,
અધિક મુખ્ય સચિવશ્રી,
ઉદ્યોગ અને ખાણ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર

**વિષય: સાદી રેતી/માટી અને શેડ્યૂલ III ના પાર્ટ A-I ના ખનિજની અસ્તિત્વ ધરાવતી ક્વોરીલીઝોમાં મુદત વધારો તા. ૩૧.૦૩.૨૦૨૮ સુધી જાહેર કરવા બાબત**

સંદર્ભ: ગુજરાત ગૌણ ખનિજ છૂટછાટ નિયમો: ૨૦૧૭ ના નિયમ: ૧૨(૧)(બી) અને શેડ્યૂલ III ના પાર્ટ A-I ના ખનિજ

સાહેબશ્રી,

રાજ્ય સરકારશ્રીએ એમ.એમ.(ડી.આર.) એક્ટ:૧૯૫૭ ની કલમ:૧૫ હેઠળ મળેલ સત્તાની રૂએ રાજયમાં મળી આવતા ગૌણ ખનિજોના નિયમન માટે ગુજરાત ગૌણ ખનિજ છૂટછાટ નિયમો:૨૦૧૭ તા.૨૪.૦૫.૨૦૧૭ થી નોટીફાઈ કરી અમલમાં મુકેલ છે. આ નિયમો હેઠળ ગૌણ ખનિજની ક્વોરી લીઝો હરાજી પધ્ધતિથી મંજૂર કરવાની જોગવાઈ કરેલ છે. સાથે અગાઉ અસ્તિત્વ ધરાવતી ક્વોરી લીઝોમાં મુદત વધારવાની જોગવાઈ નિયમ:૧૨(૧) હેઠળ નીચે મુજબ કરેલ છે.

**(અ)** આ નિયમોના શિડયુલ:૩ ના ભાગ: એ-૨ અને ભાગ: બી માં દર્શાવેલ ખનિજો માટે આ નિયમોના અમલ પહેલા મંજૂર થયેલ અથવા રિન્યુઅલ થયેલ ક્વોરીલીઝોની મુદત તા.૩૧.03.2030 સુધી (સરકારી જમીન માટે) અને સરકારી ના હોય તેવી જમીનમાં આવેલ લીઝો માટે મુદત વધારો તા.૩૧.03.૨૦૩૫ સુધી કરવાની જોગવાઈ કરેલ છે.

**(બ)** શિડયુલ: ૩ ના ભાગ: એ-૧ માં દર્શાવેલ ખનિજો માટે આ નિયમો અમલમાં આવતા પહેલા મંજૂર અથવા રિન્યુઅલ થયેલ ક્વોરી લીઝોનો મુદત વધારો તા.૩૧.03.૨૦૨૫ સુધી કરવાની જોગવાઈ કરેલ છે. આ ખનિજોમાં સાદી રેતી, સાદી માટી અને આવા અન્ય ગૌણ ખનીજ ખનિજોનો સમાવેશ થાય છે.

ઉપરોક્ત જોગવાઈ અનુસાર સાદી રેતી/માટી અને આવા અન્ય ગૌણ ખનીજ ખનિજની ક્વોરી લીઝોની મુદત ચાલુ વર્ષના અંતમાં એટલે કે ૩૧.૦૩.૨૦૨૫ ના રોજ પૂર્ણ થવામાં છે જે અન્વયે અમારા સભ્યશ્રીઓ તરફથી મળેલ રજૂઆતોને ધ્યાને લેતા આ મુદત વધારો તા.૩૧.૦૩.૨૦૨૮ સુધી કરવા માટેના પુરતા કારણો છે જે પ્રત્યે સરકારશ્રીનું ધ્યાન દોરવાની રજા લઈએ છીએ.

(૧) અગાઉ ગુજરાત ગૌણ ખનિજ છુટછાટ નિયમો:૨૦૧૦ ના નિયમ: ૧૭(૧) હેઠળ રેતી ખનિજ ની ક્વોરી લીઝ મંજૂર તથા રિન્યુ ૧૦ વર્ષની મુદત માટે કરવાની જોગવાઈ હતી જે ધ્યાને લેતા નવા નિયમોમાં મુદત વધારો ઓછામાં ઓછો તા.૨૪.૦૫.૨૦૧૭ થી ૧૦ વર્ષ માટે એટલે કે તા.૨૩.૦૫.૨૦૨૭ (૩૧-૦૩-૨૦૨૮) સુધી કરવામાં આવે તે એન ન્યાયોચિત ગણાય.

(૨) રેતી ખનિજની ક્વોરી લીઝ ધારકોએ લીઝના વિકાસ અને ઉત્પાદન/નિકાસ માટે મોટું રોકાણ કરેલ હોય. એકાએક હવે તારીખ ૨૪.૦૫.૨૦૧૭ ના સુધારાથી ફક્ત આઠ વર્ષની મુદત વધારવાથી રોકાણનું વળતર પણ મળી શકે નહીં અને પટ્ટેદારો આર્થિક રીતે મુશ્કેલીમાં મુકાઇ જવાની પૂરેપુરી સંભાવના છે.

(૩) ગુજરાત ગૌણ ખનિજ છૂટછાટ નિયમો ૨૦૧૭ ના નિયમ: ૧૨(૨) ની જોગવાઈ અનુસાર સરકારશ્રીએ અસ્તિત્વ ધરાવતી ક્વોરીલીઝોના ધારકોને મુદત વધારવા માટે લેખીત જાણ કરવાની થાય છે પરંતુ રેતી ખનિજની લીઝોના મોટા ભાગના કેસોમાં સરકારશ્રી દ્વારા હજુ પણ મુદત વધારા હુકમો થયેલ નથી જ્યારે મુદત વધારવા માટેની મુદત તા.૩૧.૦૩.૨૦૨૫ પૂર્ણ થવાને આરે છે. જેથી પણ મુદત વધારો તારીખ ૩૧.૦૩.૨૦૨૮ સુધી થવાને પાત્ર છે.

(૪) વર્ષ ૨૦૨૦-૨૧ અને ૨૦૨૧-૨૨ દરમ્યાન કોરોના મહામારીના કારણે પટ્ટેદારો રેતી ખનિજ પૂરતા પ્રમાણમાં ઉત્પાદન/નિકાસ કરી શકેલ નથી અને તેને કારણે ડેડરેન્ટ પેટે કોઈપણ આવક સિવાય મોટી રકમ ભરપાઈ કરવાની સ્થિતિ ઉપસ્થિત થયેલ છે. કોરોના મહામારીના ફોર્સ મેજર ઈવેન્ટના કારણે બે વર્ષનો ગાળો પટ્ટદારોને મજરે મળવાપાત્ર થાય છે. જે કારણે પણ રેતી ખનિજ ની ક્વોરી લીઝોમાં મુદત વધારો તા.૩૧.૦૩.૨૦૨૮ સુધી ન્યાયોચિત છે.

(૫) હાલના નિયમોની જોગવાઈ અનુસાર અસ્તિત્વ ધરાવતી લીઝોની મુદત પૂર્ણ થતાં તેને નવેસરથી હરાજીથી લીઝો મંજૂર કરવાની રહે છે. સફળ બીડરે ઉત્પાદન ચાલુ કરતાં પહેલા માઇનિંગ પ્લાન, ઇ.સી., વિગેરેની મંજૂરી નવેસરથી લેવાની રહે છે અને આ કાર્યવાહી લાંબો સમય લે છે જેથી રેતી ખનિજના ઉત્પાદન/નિકાસમાં મોટો શૂન્યાવકાશ ઊભો થવાની પૂરેપુરી શક્યતા છે જેને કારણે કેન્દ્ર તથા રાજ્ય સરકારોના મોટા બાંધકામ પ્રોજેકટો વિલંબમાં પાડવાની પણ શક્યતા

છે. તે દૃષ્ટિએ પણ રેતી અને આવા અન્ય ગૌણખનિજની અસ્તિત્વ ધરાવતી ક્વોરી લીઝોની મુદત તા.૩૧.૦૩.૨૦૨૮ સુધી વધારવાની જરૂરિયાત રહે છે

અમારી ઉપરોક્ત રજુઆત ધ્યાને લઈ રાજયમાં રેતી અને આવા અન્ય ગૌણખનિજ ની લીઝોના વિકાસ અને પટ્ટેદારોને ટૂંકા ગાળાના મુદત વધારાથી થયેલ અન્યાય નિવારવા માટે રેતી ખનિજની ક્વોરી લીઝો સહિત શિડ્યુલ: 3 ના ભાગ: એ-૧ માં દર્શાવેલ ખનિજોની ક્વોરી લીઝોનો મુદત વધારો તા.૩૧.૦૩.૨૦૨૮ સુધી થાય તેવું જાહેરનામું સત્વરે સરકારશ્રી કક્ષાએથી બહાર પાડવામાં આવે તેવી એસોસિએશનની નમ્ર વિનંતી છે.

આભાર સાથે,

આપનો વિશ્વાસુ
**ગુજમીન ઈન્ડસ્ટ્રી એસોસિએશન વતી,**

સી.એમ.દ્વિવેદી.
પ્રમુખ

નકલ સવિનય રવાના: કમિશ્નરશ્રી, ભૂસ્તર વિજ્ઞાન અને ખનિજ ખાતું, ગાંધીનગર તરફ મુદત વધારી આપવા વિનંતી.